# - આઈઆઈટી ગાંધીનગર દ્વારા 'હલ્લા બોલ' સ્પોર્ટ્સ ઇવેન્ટનું અયોજન કરાયું



ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા 'હલ્લા બોલ' સ્પોર્ટ્સ ઇવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. હલ્લા બોલની ઇવેન્ટનો હેતુ 'કમ આઉટ એન્ડ પ્લે'નો છે, તેમજ સ્ટુડન્ટ અને ટીચર વચ્ચે કોમ્યુનિકેશન ગેપ ઓછી કરી તેમની વચ્ચે ફ્રેન્ડલી ટર્મ્સ બને તેવાં પ્રયત્નો કરવાનો છે. આ ઇવેન્ટમાં દરેક સ્ટુડન્ટ્સ-ફિમેલ સ્ટુડન્ટ્સે રૂમમાંથી બહાર નીકળીને રમવાનું ફરજિયાત છે. જેમાં ૧૦ જેટલી ગેમ્સનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ક્રિકેટ, કેરમ, વોલિબોલ, ફૂટબોલ, વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે.૧૦ દિવસનાં આ સ્પોર્ટ્સ ફેસ્ટિવલમાં ૭૦૦ જેટલાં પ્લેયર્સ અને ઓબ્ઝર્વર્સે ભાગ લીધો છે.

આ અંગે વાત કરતાં ઇવેન્ટ કો-ઓર્ડિનેટર વસિમ ખાને જણાવ્યું કે, કમ આઉટ એન્ડ પ્લેનાં કોન્સેપ્ટ સાથે યોજાયેલાં આ સ્પોર્ટ્સ ફેસ્ટિવલમાં ૧૦ જેટલી ગેમ્સને જુદી રીતે ડિઝાઇન કરવામાં આવી હતી. જેમ કે બેડમિન્ટનની ગેમમાં બે વ્યક્તિ દ્વારા રમાતી ગેમમાં ત્રણ વ્યક્તિ દ્વારા રમવામાં આવે છે.

**Source: Divyabhasker**

Date: 19/03/2014

Page: 1 (City Bhasker)